પ્રસ્તાવના

મનુષ્યે ઉતરતી અર્થાત વૃદ્ધ અવસ્થામાં એકાંત વિશ્રાંતી લેવી એવો સાધારણ નિયમ છે. એમ છતાં સમાજ વિષયક વાદ વિવાદમાં મારે શા માટે પડવું જોઇએ એવો પ્રશ્ન કદાચિત્ ઉભો કરવામાં આવશે, એ પ્રશ્નનો ઉત્તર એ છે કે દિવસે દિવસ સમાજની તેમજ ધર્મની અવનતી ઝપાટા બંધ થવા લાગી તે કારણથી સદ્ધર્મ પ્રિત્યર્થે વિચાર વિનિમય કરવાની મને આવશ્યકતા લાગી. હું આ જગતમાં એકલો પ્રાણી છું. ઐહિક મહત્વાકાંક્ષા કિંવા સ્વાર્થ અથવા સ્વહિત એનો મારી સાથે સંબંધ નથી. સદસદ્વિવેક બુદ્ધિએ આશ્રા કીધાથી, સત્યની ઝુસરી પકડી, નિંદાસ્તુતીની દરકાર ન રાખતાં, સમાજ સુધારકોના કાર્યક્રમોથી કેવાં કેવાં દુષ્ટ પરિણામ થશે તેમજ ધર્મપર કેવું સંકટ આવી પડશે તેનું ચિત્ર મારી બુદ્ધિ મુજબ આ પુસ્તકમાં આળખ્યું છે. સમાજોન્નતિ, ધર્મોન્નતિ વ શાંતતા યુકત રાજકીય પ્રગતિમાં પ્રાચીન હિંદુ સમાજ પદ્ધતિ અબાધિત રાખવી એ સર્વોપરી આવશ્યક છે. અને આ માર્ગથી સમાજ સુધારવાનો પ્રયત્ન પ્રતિબંધક થઇ પડે છે તેથી સદ્વિચારી અથવા સુજ્ઞ વાંચક વૃંદો સમક્ષ મારા પ્રામાણિક વિચાર આ પુસ્તકમાં દર્શાવી, વસ્તુ સ્થિતિ તરફ તેઓનું લક્ષ્ય ખેંચવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. હાલના વિકારવશથી ભરપુર કાળમાં મારા વિચાર કેટલાક લોકોને પસંદ નહિ પડે તો પણ " उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा । कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी " આ ભવભૂતીના વચન તરફ લક્ષ્ય રાખી કોઇ પણ વખતે સદ્વિચારની છાપ કોઇના પણ મન ઉપર બેસશે એવા મુખ્ય તત્વને ધ્યાનમાં રાખી મારૂં સમાધાન કરીશ. પરંતુ દેશની હાલની સંકટમય સ્થિતિ, સમાજની અવનતી અને ધર્મની અવહેલના જોઇને મારી અલ્પ બુદ્ધિનુસાર ફકત સત્યાભિલાષથી કોઇના પણ મનની લાગણી ન દુઃખાય એવા ભાસના મનમાં રાખી આ પુસ્તકદ્વારા મારા વિચાર હિંદુધર્માભિમાની લોકો સમક્ષ મુકું છું. વિશેષ કરીને મારા યુવાન બાંધવોએ આ પુસ્તક તરફ અવશ્ય લક્ષ્ય આપવું. એટલું જણાવી આ અલ્પ પ્રસ્તાવના પુરી કરૂં છું.

પ્રાસ્તવિક વિચાર.

"नीचैर्गच्छत्यु परिच दशा चक्रनेमिक्रमेण" આ ન્યાયથી મનુષ્યના આચાર વિચારમાં ક્રાંતિ થવાથી કાળ ઉલટો ચાલવા લાગ્યો છે, સર્વ એશિયા ખંડ આલસ્ય નિંદ્રામાંથી જાગૃત થઈ પાશ્ચાત્ય સુધારાથી પુર્વ તરફના દેશોમાં રોપેલા દીપસ્તંભ તરફ આશ્ચર્ય મુદ્રાથી અથવા કૌતુકથી જુવે છે. આ સ્થિત્યંતરનો ફેરફાર પણ હિંદુસ્થાન દેશમાં થવા લાગ્યો છે. દેશના આગેવાનોની સર્વ સાધારણ વિચારસરણી અથવા લોક કલ્પના તરફ જોતાં, પાશ્ચાત્ય સુધારણાના સારા અથવા માઠાં પરિણામ તરફ સાધારણ રીતે પર્યાલોચન કરવાની શકિત રાષ્ટ્રમાં હજુ સુધી પ્રાપ્ત થઇ નથી, એ સ્પષ્ટ દેખાયછે. પાશ્ચાત્ય દેશમાં સામાજીક તથા રાજકીય તત્વજ્ઞાનમાં આર્યોના આચાર વિચારનું થોડે વા ઘણે અંશે અનુકરણ કરેલાનું પરિણામ દેખાયછે. સમાજ સુધારણા ઉપર દેશમાં જૂદે જૂદે ઠેકાણે પોતાની સભાઓ ભરી સમાજ પદ્ધતિમાં ફેરબદલ કરી જુની પરંપરાથી ચાલતી આવેલી રીતોને નહીં સરખી કરવાના ઠરાવ પાસ કરવામાં આવેછે. સર્વ જગતમાં અત્યંત સુસંઘટિત અથવા સુસંસ્થાપિત એવી સમાજ પદ્ધતિ પર કુઠાર પ્રહાર કરવાનો જેણે પ્રધાન ધર્મ માન્યોછે તેવા સામાજીક ચળવળના ટીકાત્મકનુંજ પર્યાલોચન કરવાનો આ લેખનો મુળ ઉદ્દેશ છે; પરંતુ આ વિષયનો પ્રારંભ કર્યા પૂર્વે શ્રેષ્ટ એવા હિંદુધર્મ વા હિંદુસમાજના મૂળ પાયારૂપ ઉત્તમ તત્વનું સંક્ષિપ્તમાં વિવેચન કરવાની આવશ્યકતા છે, કારણકે હિંદુધર્મના ઉત્તમ તત્વને અનુસરીનેજ હિંદુ સમાજની ઇમારત ઉભી કરવામાં આવી છે.

હિંદુધર્મ વ હિંદુસમાજ.

મનુષ્યમાત્ર પછી તે પાશ્ચાત્ય, જડવાદી આફ્રિકાના રાનટીલોક કિંવા અધ્યાત્મવાદી આર્યલોક હો પણ જો તે સર્વને આયુષ્યનો અંતિમ વિચાર શું છે? એવો પ્રશ્ન કરવામાં આવશે તો તેઓ તરફથી તેનો ' આત્મકલ્યાણ એજ આયુષ્યનો અંતિમ વિચારછે " એમ જૂદી જૂદી રીતે જવાબ આપવામાં આવશે. આ અંતિમ સાધનના પાયાપર હિંદુસમાજની ઇમારત રચા-

ચલી છે. " આત્મ કલ્યાણ " " સ્વાનુભૂતિ " વગેરે વાતો કલ્પનાત્મક છે. તેની અમને જરૂર નથી એમ જેઓ કહે છે તેઓથી વાદવિવાદ કરવાનું અમારૂં કર્તવ્ય નથી. અધ્યાત્મવાદ અથવા ધર્મના તત્વની જે ઠેકડી કરનારા ઉન્મત્ત લોક છે તેઓથી શબ્દ યુદ્ધ કરવાની મારી ઇચ્છા નથી. શારીરિક સુખ વ ઇંદ્રિયોને સંતોષવામાંજ આયુષ્યની ઇતિકર્તવ્યતા થાય છે એમ માનનારા વાક્‌પટુ પંડિતોને તેમની પંડિનાઇ લખલાભ હજો, તેવાઓથી વાદવિવાદ કરવો એ રેતામાંથી તેલ કાઢવા જેવી વાત હોવાથી એ અમારૂં કર્તવ્ય નથી. અનંતકોટિ બ્રહ્માંડના નાયકની ઇચ્છા બલથી નિરમીત થએલી સૃષ્ટિ રચના વા સમાજ રચનાના વદ પ્રણીત વ ઋષી પ્રણીત નિયમ જેમને માન્ય હોય વ માયાના પ્રવાહમાં ભ્રમિત થએલા આત્માને પોતાના શુદ્ધ બુદ્ધ આત્મરૂપ પ્રાપ્ત થાય, એ મનુષ્યનું અંતિમ સાધન છે વ અંતિમ સાધન પ્રાપ્ત કરવું એ શાસ્ત્રોકત પ્રવૃત્તી માર્ગને અવલંબીને પોતાના સામાજીક અથવા રાજકીય આયુઃક્રમની દિશા એ દૃષ્ટિએ નક્કી કરવી એજ આત્મો ન્નતીનો કલ્યાણકારક રાજમાર્ગછે. આ તત્વનો પ્રકાશ જેના મન ઉપર સ્પષ્ટપણે પડેલો હોય તેને અત્યુત્તમ ધર્મ તત્વપર હિંદુસમાજની ભવ્ય ઇમારત બાંધેલી છે એ ત્યારેજ સત્ય લાગશે. માનસિક, બૌદ્ધિક વ આધ્યત્મિક ઉન્નતિ કરવામાં મનુષ્યને સંધિ (સાધન) પ્રાપ્ત થવામાં સુગમ પ્રવૃત્તિ માર્ગ મલવો અથવા ચરિતાર્થમાં સાધન મલવામાં વિશેષકાળક્ષેપ ન થતાં મનુષ્યને પ્રાપ્ત થવા એ તત્વને અનુસરીને હિંદુસમાજની ઘટના ઘડવામાં આવીછે. આધુનિક જીવન કાળમાં પ્રવૃત્તિમાર્ગ વ ચરિતાર્થની કલ્પના કરવી એ અગવડ ભરેલું થયુંછે તથી સમાજ પદ્ધતિને રહેવા દઈ ઔદ્યોગિકમાર્ગનો પુનરૂજ્જીવન કરવામાં ઉત્સાહ પૂર્વક આરંભ કરવો જોઇએ. પરંતુ સામાજીક, રાજકીય અથવા ઔદ્યોગિક માર્ગના વિચારમાં પ્રથમ સમાજ પદ્ધતિને બદલવી જોઇયે એવું તર્કશાસ્ત્ર લડાવનારાનું તે ખરૂં તર્કશાસ્ત્ર નથી પણ તે તરકટ શાસ્ત્ર (પણું) છે. જે સમાજના રચના ઉત્પત્તિ સિદ્ધ છે, અનેક વાદળાના ઘેરાવાથી પ્રતિકુળ પ્રસંગોમાં પણ જે સમાજ હિમાચલની માફક અચલ રહી છે, જે સમાજનો પાયો અત્યુચ્ચ ધર્મ તત્વપર છે એવી હિંદુ સમાજની ઉલટ પાલટ કરી ફેરફાર કરવો એ કોઈ પણ રીતની

દ્રષ્ટિથી ઇષ્ટ નથી. હીંદુ ધર્મ તત્વનું સત્ય સૌંદર્ય જેના શરીરમાં આર્યનું રક્ત વહેછે તેને સમજાવવાની જરૂર નથી. હિંદુ ધર્મ એટલે એક મોટી આધ્યાત્મિક શકિત છે. આધુનિક તત્વજ્ઞાનીના સ્વપ્નમાં પણ ન આવે એવું "તત્વમસિ" એજ સર્વ શ્રેષ્ટ વ સર્વોત્તમ તત્વ આ હિંદુ ધર્મમાં પ્રતિપાદન કરવામાં આવેલું છે. અને આ સર્વથી શ્રેષ્ટ ધર્મના તત્વ પરજ હિંદુ સમાજની ભવ્ય વ દેદીપ્યમાન ઇમારત બાંધેલી છે. અર્થાત આ ઇમારતનો ભંગ કરવો એટલે સર્વથી શ્રેષ્ટ ધર્મ તત્વનો નાશ કરવાનું મહત્પાપ કરવા બરાબર છે.

સમાજ સુધારકોનું કાર્ય ક્રમ.

હવે આપણે સમાજ સુધારકોના કાર્ય ક્રમો તરફ ફરીશું. સમાજ સુધારકોના સુધારાનું પ્રથમ પૃથક્કરણ કરી, એ સુધારાથી શું પરિણામ થાય છે તે આપણે તપાસીશું. સમાજ સુધારકોના તત્વજ્ઞાનની વાંચકોને થોડી ઘણી ઓળખ કરાવવા માટે મદ્રાસ મુકામે કેટલાક દિવસો પુર્વે ભરેલા સામાજીક પરિષદના અધ્યક્ષના ભાષણનો સાર અથવા મુખ્ય વિચાર સંક્ષિપ્ત રીતીએ વાંચકો સમક્ષ પ્રથમ મુકવાની જરૂર છે. આ સામાજીક પરિષદના અધ્યક્ષસ્થાને ન્યાય મુર્તિ મી. શંકરન નાયર બિરાજેલા હતા. ભાષા સૌંદર્ય દ્રષ્ટિએ ન્યા. શંકરન નાયરે પોતાનું ભાષણ સુબક, મધુમય આંગ્લભાષાવિલાસથી તથા સુંદર શબ્દ પ્રયોગોથી અલંકૃત કરી સમાજ સુધારણાના તત્વોનું પ્રતિપાદન કીધું છે. પરંતુ પ્રસ્તુત ભાષા સૌંદર્યથી આપણું કર્તવ્ય નથી. આપણને ભાષણના તત્વવિચાર સાથે કામ છે. હિંદુ ધર્મમાં શ્રદ્ધાને પ્રધાનપદ માની વિચરનારા લોકોને સુધારણા વાદી "પુરાણપ્રિય" એવું વિશેષણ લગાડે છે. આ "પુરાણ પ્રિય" લોકને ન્યા૦ મૂ૦ એ "ધર્મ ઘેલાં" કહયાં છે. સર્વ સાધારણ રીતીથી નેમાયલા ન્યા૦ મુ૦ ના ભાષણમાં શ્રદ્ધાવાન હિંદુ ધર્મિયોને "ધર્મ ઘેલાં" એવું વિશેષણ લગાડવામાં આવેલું છે, ન્યા૦ શંકરન નાયર પોતાના ભાષણમાં કહે છે કે "હિંદુ ધર્મ અવનતી સ્થિતિ સુધી પહોંચેલો છે" ધર્મ ઘેલાંઓનો પાશ્ચાત્ય સુધારા પ્રત્યે વાક્‌બાણ ફેંકવા શિવાયનો બીજો રસ્તો રહેલો નથી. આધુનિક કલ્પનાનો સ્વિકાર કરવાની તેઓમાં ઝમક રહેલી નથી. અથવા તેઓમાં ઓદ્યોગિક પ્રયોગ અજમાવવાનું સ્વાતંત્ર્ય

પણ નથી. તેથીજ કેટલાક લોક "પુરાણપ્રિય" હિંદુ લોકમાંથી નીકળી સ્વતંત્ર હિંદુ સમાજ પંથ કાઢવા તૈયાર થયા છે. કિંબહુના ધર્માંતર કરવાની તેઓની તૈયારી ચાલે છે." ન્યા૦ મુ૦ નું આ તત્ત્વ પ્રતિપાદન કાંઇ નવું નથી. આ તત્ત્વ પ્રતિપાદન એટલે સમાજ સુધારકોનો એક પાંચમો વેદજ છે અને સમાજ સુધારકો પોતાના ભાષણમાં અથવા લેખમાં આ વેદનો આધાર લે છે. આ તત્ત્વ પ્રતિપાદનમાં કેટલું સત્ય સમાયલું છે તેનો આપણે વિચાર કરીશું.

ખરા ધર્મ ઘેલાં કોણ?

સુધારણાવાદી કે પુરાણ પ્રિય?

"અંધેર નગરી અને ગંડુરાજા" ની કથા મુજબ લઇ પડ માણસને બાંધી ફાંસીને લાકડે ચઢાવવો, એવા વિચિત્ર ન્યાય મુજબ સુધારકોનો ન્યાય છે, પ્રથમ હિંદુ ધર્મ ભેદ ભરેલો ઠરાવી પછી આ ધર્મને શ્રદ્ધાથી ભજનારાઓને 'ધર્મ ઘેલાં" ઠરાવવાનો તેઓનો પ્રયત્ન છે. અનાદિકાલથી ચાલતા આવેલા અથવા સર્વથી શ્રેષ્ઠ સત્યના પાયાપર રચાયલા આર્ય ધર્મની પતાકા પુર્ણ શ્રદ્ધાથી ફરકાવનારા લોક "ધર્મ ઘેલાં" કે પાશ્ચાત્ય સુધારાથી અંધ થએલા વ હિંદુ ધર્મના દૈવિક સૌંદર્ય તેમજ હિંદુ ધર્મના શરીર સ્વરૂપ જેવી હિંદુ સમાજની ભવ્ય ઇમારત ને ન સમજનારા, છોકરવાદ કલ્પનાથી પ્રેરીત થએલા ઉપાયથી જમીનદોસ્ત કરવાનો પ્રયત્ન કરનારા સુધારકો ધર્મ ઘેલાં કહેવાય? ખરા "ધર્મઘેલાં" કોણ? ખરાં "મત ઘેલાં "કોણ? ઉત્પત્તિ સિદ્ધ થએલા વર્ણ વ્યવસ્થા મુજબ ચાલનારા "મતઘેલાં" કે આધુનિક અપરિકવ કલ્પનાથી પ્રેરિત થએલાં પોતાનાજ મતને સમાજપર લાદનારા "મતઘેલાં" કહેવાય? પાશ્ચાત્ય સુધારા અથવા પાશ્ચાત્ય સમાજ પદ્ધતિ મુજબ હિંદુ સમાજની ફરી ઘટના કરવી આવશ્યક છે એવો ભ્રમ આ (સુધારક) લોકોને થએલો છે. એવા લોકોપ્રત્યે મારો પ્રશ્ન એટલોજ છે કે તમોને સ્વધર્મ તેમજ સ્વ સમાજ જોઇતી નથી તો પછી સ્વદેશ શું કામ જોઇયે તથા રહો છો તે ધરતીનું "સ્વરાજ્ય" શું કામ જોઇયે? યુરોપ, એશિઆ, આફ્રીકા તથા અમેરિકા એ ખંડો તથા તેના પેટાવિભાગ દેશો એમ કરીને વિભાગ

વ્યવસ્થા સૃષ્ટિ કર્તાએ કરેલી છે તે પ્રમાણે પ્રત્યેક દેશની સમાજ વ્યવસ્થા તથા ધર્મ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ ધર્મ વ્યવસ્થા અથવા સમાજ વ્યવસ્થા જેમને ન જોઇયે તેમણે "સ્વદેશ" "સ્વદેશ" કરી શું કામ ગપ્પા મારવા જોઇયે? ધર્મ તથા સમાજની પદ્ધતિ વગેરેમાં "પર" શબ્દનો અંગિકાર કરવામાં કુશળતા ધરાવનારા ઓને "સ્વ" શબ્દની આવશ્યકતા રહેતી નથી. માટે તેવા "પર" શબ્દથી મોહમાં લપટાયલાઓએ પોતાના કોશમાંથી "સ્વ" શબ્દને તિલાંજલી આપવી જોઇયે. એવંચ વર્ણ સંકર થઇ અનિષ્ટ રાજકીય પરિણામ લાવવા તરફ સુધારકોનું લક્ષ દેખાય છે. સમાજ સુધારકોના સુધારાથી એ જવાબદારીનો પ્રસાર થવાનો સંભવ છે. હિંદુ ધર્મના ઉત્તમ તત્વનું ગાયન બધિરકર્ણ સુધારકો સમક્ષ કરવાનો મારો વિચાર નથી. હિંદુ સમાજની અવનતી થઇ છે એમ ન્યા૦ શંકરનનાયરના કહેવાને અમો સંમત છીએ. પરંતુ એ અવનતી કઇ રીતે દુર થશે એજ મુખ્ય વાદગ્રસ્ત પ્રશ્ન છે. સમાજ સુધારા સરખી ચળવળથી આ અવનતી અધિક થશે એવો મારો મત છે, રોગીને ઔષધ આપી નિરોગી બનાવવો નહિકે રોગને નષ્ટ કરવાને બદલે તેને (રોગીને) નષ્ટ (નાશ) કરી નાંખવો એવા વિચારના વૈદક સુજબ સુધારકોની સમાજ સુધારાની સ્થિતિ છે. સમાજની અવનતી થઇ છે તેથી સમાજ વૃક્ષ ઉપર કુઠાર પ્રહાર કરી તેની ઉન્નતિ કરવાની વિચિત્ર વૈદ્યકી રીતી ગ્રહણ કરેલી માલમપડે છે. હિંદુ ધર્મના તત્વોને અનુસરીને સમાજોન્નતિનો પ્રયત્ન ભારતધર્મ મહાપરિષદ સરખી સંસ્થાથીજ થઇ શકશે. માત્ર આશ્ચર્ય એટલુંજ છે કે સમાજની ઉન્નતિ ઇચ્છનારાનો સાહ્યો પહેરનારાઓએ ભારતધર્મ મહાપરિષદ જેવી સંસ્થાનુ ઉપહાસ કરવું અને તેને સમાજોન્નતિ પરખાલી લેખો લખનારા હિંદુ પત્રોએ પોતાના પત્રમાં સ્થળ આપી તેમાં શરીગત થવું. ભારત ધર્મ મહાપરિષદને આશ્રય આપવા બદલ સર ભાલચંદ્ર કૃષ્ણ ભાટવડેકર તથા સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી ઉપર ટીકા વાળો એક લેખ થેખ થોડા દિવસ ઉપર "હિંદુપ્રકાશ" પત્રમાં આવ્યો હતો અને તેમાં "પરિષદ" નો પણ ઉપહાસ કરવામાં આવેલો હતો. હિંદુ ધર્મ વ હિંદુ સમાજ એના વિગલિત શરીરને પુનઃ સતેજ અથવા ચૈતન્ય યુકત કરી તેનો પુનરૂ જીવન કરવા તત્પર થએલી ભારતધર્મ મહાપરિષદ

સરખી સંસ્થા અને તેને આશ્રય આપનાર હિંદુધર્માભિમાની દેશભકતોના રાષ્ટ્રકલ્યાણકારક પરિશ્રમ કંઇ ખાલી જશે નહિ પણ રાષ્ટ્રના વિચારી લોકો તેમના આ સત્કાર્ય બદલ દુવા આપશે. હિંદુ લોકની ધર્મ શ્રદ્ધાને ન્યા૦ શંકર ના અધ્યર " ધર્મ ઘેલચ્છા " કહે છે, પરંતુ ન્યા૦ ને કહીશ કે અત્યુચ્ચ ધર્મ કલ્પના જેનાં મૂળમાં છે અથવા જેનો પાયો ધર્મની ઉત્તમ કલ્પનાનુસાર રચાયલો છે તથા જગતની ઉત્તમ અધ્યાત્મિક સૌંદર્ય જેમાં સમાયલું છે એવા હિંદુ ધર્મનું જીવિત અનેક વિપત્તિઓમાંથી પણ કાયમ રહેલું છે તેનું શ્રેય આ " ધર્મ ઘેલચ્છા " માંજ સમાયલું છે. એ " ધર્મ ઘેલચ્છા " હિંદુધર્મના સંરક્ષક દેવતા છે. એ સંરક્ષક દેવતા કાઢી નાંખવામાં આવે કે તરતજ મનુષ્યનું અધ્યાત્મિક જીવિત રૂપી નવકા અનેક ખડકો સાથે અથડાઇ તેનો નાશ થશે એટલે જગતના અધ્યાત્મિક સૌંદર્ય દેવતાનો નાશ કરવા જેવું થશે. પરંતુ આ નવકા મનુષ્યને તારનાર છે માંટે તે નૌકા સલામત રહે એવી ઇશ્વર ની ઇચ્છા છે તેથીજ હિંદુઓની ધર્મ શ્રધા અથવા સુધારકોના શબ્દમાં કહીએ તો " ધર્મ ઘેલચ્છા " કાયમ રહેલી છે.

ન્યા૦ મુરતિનો બીજો મુદ્દો એ છે કે અમલમાં મુકીશકાય એવું ઐાદ્યોગિક પ્રયોગ સ્વતંત્ર્ય હિંદુધર્મમાં નથી.' પ્રયોગ સ્વાતંત્ર્યનો અર્થ " मनः पुतं समाचरेत् '' એમ થાય છે કે? " મનઃ પુતં સમાચરેત્ " આ સ્થિતિથી દેશની સામાજીક અગર રાજકીય સ્થિતિનું કલ્યાણ થઇ શકે એમ છે કે ? આધિભૌતિક શાસ્ત્ર, વાઙ્૦મય, તત્વજ્ઞાન, કલા કૌશલ્ય વ ઐાદ્યોગિક અભિવૃદ્ધિએ સર્વને હિંદુ ધર્મે કદિપણ બહિષ્કાર કીધેલા નથી. મનુષ્ય જીવનના આધાર ભુત તેમજ કલ્યાણકારક કાર્યોનો તેમાં પ્રતિબંધ નથી. માનસિક; ભૌધિક વ આધ્યતિમક ઉન્નતીના માર્ગમાં તેની કદિપણ અડકામણ થતી નથી. એમ છે તો પછી હિંદુ ધર્મમાં પ્રયોગ સ્વાતંત્રય પણું નથી એમ કહેવામાં શો અર્થ ? " મનઃપુતં સમાચરેત્ " અર્થાત્ મનમાં આવે તેમ વર્તવું એ રીતથી રાજકીય બાબતોમાં ચળવળ કરનારાને શીક્ષા કરવાનું સરકારનું સામર્થ્ય મજબુત છે. સામાજીક બાબતમાં " મનઃપુતં સમાચરેત્ " એવી રીતથી ચાલનારાઓને શીક્ષા કરવાની હાલના સમયમાં સમાજમાં શક્તિ નથી. એથી સમાજની ગમે તેવી રીતે અવહેલના કરી તેની ઉથલ પાથલ કરવાની

ઇચ્છા ધરાવનારા લોક ખરી રાજકીય સ્વાતંત્ર્યમાં કયાં સુધી લાયક અપેક્ષા છે એવી જો કોઇ શંકાપ્રદરશિત કરે તો તેને તેઓ ક્ષમા કરે એ મને લાગતું નથી.

સમાજોન્નતિમાં સામાજીક "સ્વરાજ્ય" જોઇયે !

ખરી રીતે જોતાં સમાજની ઉન્નતિ કરવામાં સામાજીક "સ્વરાજ્ય" જોઇયે, "આપ કરે સો કાયદા" મુજબ સર્વ છુટ જોઇએ, મન માને તેમ વ-તેવાનું સ્વતંત્ર પણું જોઇએ, એ સમાજ સુધારકોનું તત્વજ્ઞાન છે. રાજકીય-બાબતમાં નિર્ભેળ સ્વરાજ્ય મેળવવાની ઇચ્છા ધરાવનારા જવલ જુંહાલ-અને સામાજીક બાબતમાં નિરંકુશ સમાજ બનાવવાની ખટપટ કરનારા સુ-ધારકોમાં કેવો ફરક ? બંને બેઉ બાબતમાં જવલ જુંહાલ છે ! અને સ માજમાં વર્ણ સંકર ઉત્પન્ન થવાથી સર્વત્ર ગોંધળ થવાનો સંભવ છે. સ માજ સુધારકોને સમાજના આધારભૂતસ્તંભો (જેવાંકે વર્ણભેદ વગેરે) છે તે કાઢી નાંખવા છે. તેઓને સમાજ યંત્રમાં સર્વત્ર ઘોંટાળો કરાવવાની અને નવીન "સમાજકાર" થવા ની તેઓની મહત્વાકાંક્ષા છે. પુરાણમાં એક એવી કથા છે કે "બ્રહ્મદેવથી તકરાર થવાથી ક્રોધાવિષ્ટ થઇ વિશ્વામિત્ર ઋષિ નવીન સૃષ્ટિ ઉત્પન્ન કરવા લાગ્યા અને તેઓએ બનાવેલા મનુષ્ય પ્રાણીના માથાં નારીયેળ સરખા થયા ! છેવટે તેઓને નુતન સૃષ્ટિ રચવાનો એ પ્રયત્ન છોડવો પડયો અને નારીયેળ ગાત્રજ રહ્યા !" એવીજ સ્થિતિ છેવટે સુધારકોની થશે. આ સુધારકોને ઋષિ પ્રણીત સમાજ રચના પસંદ ન હોવાથી તેઓ નવીન સમાજ સૃષ્ટિ રચવાનો પ્રયાસ કરવા લાગ્યા છે. તેઓને સમાજમાંના કોઇપણ જુનારીત રિવાજ વ પરંપરાથી ચાલતી આવેલી રૂઢીઓ પસંદ નથી. તેઓને અપ્રતિબંધ પર દ્વીપગમન જોઇએ છે. અને પરદ્વીપગમન કરનારાને સમાજમાં પ્રાયશ્ચિત્તના બંધન વગર ફરી દાખલ કરવાની ઇચ્છા છે. તેમજ વર્ણ ભેદ વગર સર્વે સાથે રોટી વ્યવહાર તેમજ બેટી વ્યવહાર કરવાનું જોઇએ છે. તેઓને વિધવાવિવાહ તેમજ જાતિનું એકીકરણ જોઇએ છે. તેઓને સર્વ પ્રાચીન રીતરીવાજમાં ફાંટા લગાડવા છે. સ્વતંત્ર સ્વરૂપની સ-માજના ભિન્ન ઘટકાવયવમાં કેટલું મહત્વ છે, તેની આ અત્યુત્સાહી સમાજ

સુધારકોને ખબર નથી. જગતની સર્વાંગ સુંદર પ્રકૃતીમાં ભિન્ન ભિન્ન ધર્મ તથા ભિન્ન ભિન્ન ગુણના માનવકોટીનો સમાવેશ આવશ્યક છે. એ તત્વ આધુનિક તત્વજ્ઞાના શિરોમણી મી. હર્બર્ટ સ્પેન્સરે પણ પ્રતિપાદન કરેલું છે. અને એજ તત્વના પાયાપર હિંદુ સમાજની રચના રચવામાં આવી છે. શંભુ મેળાની માફક બેટી વ્યવહાર ચાલુ કરવાથી લોહીમાં સંમિશ્રણ થશે અને તેથી મનુષ્યના ભિન્ન ગુણ ધર્મ નષ્ટ થઇ વર્ણ સંકર સાથે "ગુણ સંકર" પણ થશે. આવી સ્થિતિ ન થાય તેથી સમાજની સર્વાંગ સુંદર પ્રગતી ચાલુરહે તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષએ ચતુરવિધ પુરૂષાર્થ સાધ્ય થાય એવી રીતે હિંદુ સમાજની ઘટના ઘડવામાં આવી છે. સારાંશ કે:-

વર્ણ વ્યવસ્થા ઉત્પતિ સિધ્ધ છે.

આ સમાજઘટના ના અસલ સ્વરૂપ સંબંધમાં શાસ્ત્રનો પણ આધાર છે. તેમજ આધુનિક ભૌતિક શાસ્ત્રની દ્રષ્ટિથી જોતા પણ હિંદુ સમાજની ઘટના સાધારણ રીતે મનુષ્યોની પ્રકૃતિ અનુસાર છે એમ ઉપરના વિવેચનથી વાંચકોના લક્ષમાં આવ્યું હશે. સામાજીક પ્રગતિ, બૌધ્ધિક અથવા માનસિક વિકાસ તેમજ આધ્યાત્મિક ઉન્નતિ ઉત્તમ પ્રકારે થાય એવી હિંદુ સમાજની રચના રચવામાં આવી છે. હિંદુ સમાજની રચના ઉત્પત્તિ સિધ્ધ છે અને તેને બદલવાનો કોઇને પણ અધિકાર નથી. એમ હિંદુ ધર્મ શાસ્ત્રોથી સિધ્ધ થએલું છે, તો પણ જેમની ખાત્રી ન થાય તેવાઓનું "ધર્મ" સંપાદક વે૦ શા૦ કાશિનાથ વામન લેલે શાસ્ત્રીના સને ૧૮૯૯ ના એ સંબંધના નિબંધ તરફ લક્ષ ખેંચીશું. એટલે તેઓની ખાત્રી થશે કે "વર્ણ વ્યવસ્થા ઉત્પતિ સિદ્ધ છે" અર્થાત વર્ણ ભેદ જન્મથીજ છે. એ વર્ણ ભેદ તોડી એકકીકરણ કરવું એ સંકરપણાનો ફેલાવો કરવા બરાબર થશે અને છેવટે વર્ણ સંકર પ્રજા થવાથી ધાર્મિક આર્થીક અને રાજકીય સર્વ પ્રકારની ઉન્નતિનો નાશ આપોઆપ થઇ જશે એ તરફ સુધારકોનું લક્ષ ખેંચેલું વ્યર્થ જશે નહિ.

જાતિના એકીકરણથી ઐકયતા થશેકે ?

હિંદુસ્તાનમાં ઐકતા ઉત્પન્ન કરવાની જરૂર છે તેથી જાતિનો (વર્ણ) ભેદ તોડી એકીકરણ થવું જોઇએ. એમ સુધારકોનું કહેવું છે. શાંત મનથી

વિચાર કરવામાં આવશે તો સ્પષ્ટપણે માલમ પડશેકે હિંદુ લોકમાં સર્વ સાધારણ રીતે હાલપણ ઐકયતા છે. ભિન્ન ભિન્ન જાતિના લોકોએ એક મેક પર હુમલા કરી કદી લુટાલુટ કરેલીછે ? હિંદુલોકમાં પોત પોતમાં દંગા ફીસાદ થઇ લાખો ખુન થયાના કેટલા ઉદાહરણો છે ? કાંઇ જ નહિ. જો એવી સ્થિતિ હોય તો ઐકયતા ઉત્પન્ન કરવા માટે જાતિનું એકીકરણ કરવાની આવશ્યકતા માલમ પડે, પરંતુ જ્યારે વસ્તુ સ્થિતિનો શાંત રીત વિચાર કરી અવલોકન કરવામાં આવેછે તો તેમાં સાધારણ રીતે ઐકયતાજ દેખાય છે તો પછી સુધારકોની "ઐકયતા" ની બુમોનો અર્થ શો ? ઊલટું "ઐકયતા નથી" ઐકયતા નથી "એમ ખાલી બુમો પાડવાથી ઐકયતાની વૃદ્ધિ ન થતાં કાંઇક અંશે ભિન્ન ભાવ. ઉત્પન્ન થઇ એકી ની એકી થાય છે. સુધારકોને ઐકયતા કેવી જોઇએ છે ? યુરોપમાં પ્રવાસ કરી સુશિક્ષિત બની આવેલા રા. સુકટનકરે શનિવાર તા. ૨૩ જાનેવારીને દિવસે મુંબઇ પ્રાર્થના સમાજમાં એક યુરોપિયન લેડી થી લગ્ન કીધું. સ્વતંત્ર વિચારથી પ્રેરીત થએલા તેમજ સ્વતંત્ર રીતીથી વર્તનારા લોકોમાંના એક રા. સુકટનકર છે. અમારા આચાર વિચાર અનુ કરણીય છે એમ કહી તે સમાજપર એવા વિચાર ઠસાવવાનો ઉપહાસ કરનારા પૈકી એઓ નથી તેમજ તેઓનો હિંદુ સમાજથી આ લગ્ન કરવાથી કાંઇ પણ સંબંધ રહેતો નથી. જેઓ સમાજ સુધારાનું બીડું ઝડપી આગેવાની લઈ સર્વ સમાજની ઉલથા પાલથ કરવાનો "મનઃપુતંસમાચરેત્" એવી રીતે વિચાર કરે છે તેમજ પોતાના આચાર વિચાર સમાજપર ઠસાવવાનો પ્રયત્ન કરે છે એવા સમાજ સુધારકો હિંદુસમાજ તથા ધર્મનું અવિચારી પણે અકલ્યાણ કરે છે. ઐકય માટે તેઓને ગમે તેની સાથે રોટી તથા બેટી વ્યવહાર કરવા જોઇએ છે. એકમેકના મોંઢામાં કોળીયો ખવડાવવાથી ઐકયતા થશે એમ શું તેઓને લાગે છે. ? ઔરંગ જેબે જબરદસ્તીથી અને અકબર બાદશાહે યુકિતથી હિંદુલોકોને મુસલમાન બનાવવા અત્યંત પ્રયત્ન કીધાં હતાં, પરંતુ હિંદુ-મુસલમાન જાતિભેદની દ્રષ્ટિથી કદિપણ એક થયા નથી. એમ અમરૂતસરમાં થોડા વખત ઉપર ભરાયલી "ઓલઇંડિયા મોસ્લેમ લીગ" ના અધ્યક્ષે પોતાના ભાષણમાં દર્શાવ્યું છે. તે તરફ સુધાર

કોનું ધ્યાન ખેંચવું વ્યર્થ જશે નહિ. વાસ્તવિક રીતે જોતાં ઐક્ય શક્ય તેમજ ઇષ્ટ છે, પરંતુ એકીકરણ અશક્ય તેમજ અનિષ્ટ છે. ખાનદેશ જીલ્લાના શાહાદે તાલુકામાં કુકાવલ નામના ખેડામાં મીરખાં સાહેબખાં પાટિલ નામના એક મુસલમાન જમીનદાર છે. તેઓના વડીલો હિંદુ હતા. પરંતુ ઔરંગજેબના સમયમાં વતન રાખવા માટે તેમના ઘરમાંના એક પુરૂષ ને મુસલમાન થવું પડયું હતું અને તેણે પોતાના બાકીના ત્રણ બંધુઓ (જેઓ હિંદુ જ હતાં) તેમને વતનના ત્રણે ભાગ આપી દીધાં હતાં. સારાંશ કે જાતિનું એકીકરણ કરવામાં અર્થ નથી તો પછી તેવો પ્રયત્ન અનિષ્ટ, અનાવશ્યક તેમજ અશક્ય છે. એવા પ્રયત્નથી જે ઐક્ય છે તે નહિ જેવું બની બેસી જેવું થશે. અંતિમ ભાવાર્થ એ છે કે સમાજ સુધારકોના કાર્યક્રમોથી પરિણામે શાંતતા યુક્ત સામાજીક, ધા૦ક તથા રાજકીય પ્રવાહમાં મોટો પ્રતિબંધ પડવાનો સંભવ છે. સામાજીક પરિષદનો ઉદ્દેશ જો ફક્ત સમાજ સુધારવનોજ હોય તો પછી કોંગ્રેસના ઠેકાણે તેમજ કોંગ્રેસના સમયે આ પરિષદ શું કામ ભરવી જોઇયે? કદાચિત, કાકતાલીયન્યાય મુજબ આ યોગ્ય લાગતું હોય તો તે ભલે હો! સમાજની ઉલથપાલથ કરવાનો જેઓનો ઉદ્દેશછે, સામાજીક બાબતોમાં જેઓને પ્રતિષ્ઠા મેળવવાની ઇચ્છા છે, હિંદુ લોકની બ્રિટિશ રાજ્ય સંબંધી રાજ નિષ્ઠાની એકાપરીમાં અમેજ છીએ, એવા સમાજપધ્ધતીનો દ્રોહ કરનારા જે ઉપદેશ કરે છે તેથી તેમની ચળવળના અંતિમપરિણામ સંબંધમાં મને તો શંકા તેમજ ભય લાગે છે. પુર્વજ અને તેઓએ ઠરાવેલી અનુશાસનોની અવજ્ઞા કરનારી ચળવળનું શુભ પરિણામ આવશે એમ મને લાગતું નથી.

સુધારકોનો એક દાખલો. વિધવા વિવાહ.

સમાજ સુધારવાનો પહેલો આધાર સ્તંભ જાતિભેદ કહાડી નાંખવાનો છે અને તે વિષયમાં પ્રથમ વિવેચન કરવામાં આવ્યું છે. હવે સમાજ સુધારવાનો બીજો રસ્તો વિધવા વિવાહ છે તે સંબંધમાં કંઇક દિગ્દર્શન કરીશું. પ્રથમમાં આપણે એવો પ્રશ્ન ઉભો કરી શું કે વિધવા વિવાહની ચળવળ કરવાની કલ્પના સુધારકોના મનમાં કેમ ઉઠી? તો તેના ઉત્તરમાં સુધારકો તાબડતોબ

કહેશે કે વિધવાની સંખ્યાદિનપર દિન વધવા લાગી છે અને તેઓના થતા હાલ હવાલ અમારાથી દેખાતાં નથી. ફરી આપણે પ્રશ્ન કરીશું કે વિધવાની સંખ્યા વધવાનું કારણ શું છે, આ પ્રશ્નનો સમાધાનકારક ઉત્તર કોઇપણ આપી શકશે કે ? સમાજમાં વિધવાની સંખ્યા વધવાનું કારણ શું છે, આ પ્રશ્નનો કોઇપણ યોગ્ય રીતે વિચાર કરતાનથી અને સુધારક પંથમાંના જો કોઇ વિચાર કરે છે તો લાગલાજ કહેછે જે "બાલવિવાહ" એજ કારણ છે ત્યારે આર્યાવર્તમાં અગાઉ વૃદ્ધઓ પુરૂષોના વિવાહ થતા હશે ? અમારો એ બાબતમાં એવો મજબુત મત છે કે સ્ત્રી વિધવા થવામાં નૈસર્ગીક પણાના તેમજ સમાજમાં અનેક પ્રકારનાં જે પાપ કર્મો થાય છે તે સર્વનું આ પરિણામ છે. રામરાજ્યના સમયમાં એક બ્રાહ્મણનો છોકરો મરી ગયો તે વખતે કેટલી ધામધુમ થઇ હતી અને છેવટે તેનું કોઇ પણ રીતે પુરૂત્થાન થયું એ સર્વ કથા ઇતિહાસમાં સ્પષ્ટ રીતે છે. સારાંશ એ છે કે બાપની પહેલા છોકરાનો તેમજ પતિની પહેલા પત્નીના મરણનો તે વખતે અપવાદ હતો. મહાભારતના સમયમાં સમાજ સ્થિતિ હાલનાં કરતાં શ્રેષ્ટ હતી. ભારતકાળ એટલે દ્વાપરયુગના અંતથી તે હાલ સુધી અપમ્રત્યુ (અકાળમોત) તથ વૈધવ્ય દુઃખ એનું પ્રમાણ ઉત્તરોત્તર વધવા લાગ્યું છે એમ ઇતિહાસનું બારીકીથી અવલોકન કરનારાને દેખાશે. ગયા બે હજાર વર્ષથી સમાજ સ્થિતિ નિકૃષ્ટ થવાલાગી અને હાલના પચાસ વર્ષમાં તો સમાજ અત્યંત નિકૃષ્ટ અવસ્થા ને પ્રાપ્ત થઇ છે. પરમેશ્વરનો આ દુનિયાનો ન્યાયનો કાંટો એટલો તો સમતોલ છે કે, વ્યકિત ઉપર અથવા સમાજ ઉપર આવનારા સંકટ વ્યકિત અથવા સમાજના પાતક શિવાય આવતાંજ નથી. કાર્ય કારણના સંયોગથી બંધાયલા સુકૃત દુષ્કૃતનું પરિણામ ભોગવ્યા વગર છુટકો નથી. આ તત્વ જેને સમજાશે તેઓ વિધવા વિવાહ પદ્ધતિ ચાલુ કરવાના સુધારામાં ખામી જોશે. રોગોત્પતામાં નિદાન કરવામાં અશક્ય હોવાથી કૃત્રિમ ઉપાયો કરવાથી રોગની શાંતિ ક્યાં સુધી થઇશકે ? નીતિના કાયદાનું ઉલ્લંઘન થયા વગર કોઇપણ પ્રકારનું સંકટ વ્યકિત અથવા સમાજપર પડતું નથી. વૈધવ્ય દુઃખ સ્ત્રીપર પડે છે તેનું કારણ નીતિના નિયમનું અક્ષમ્ય ઉલ્લંઘન થવાનુંજ હોય છે તેથી સમાજના ખરા આગેવાનોએ " મુલે કુઠાર " એ ન્યાય મુજબ સમાજના પાયાને શુદ્ધ કરવા

નો પ્રયત્ન કરવો જોઇયે. નિસર્ગ ક્ષોભમાં સમાજપર પડતાં વૈધવ્ય દુઃખને અટકાવવાનો સમાજની પવિત્રતાનો રાજ મારગ છોડી, હજારો વર્ષથી ચાલતી આવેલી સુસંઘટિત અથવા સર્વ શ્રેષ્ઠ સમાજ પધ્ધતિને ખેરવવાનો પ્રયત્ન કરવો એ કેવળ આત્મઘાતક કરવા સરખું છે. સમાજના પાયા શુદ્ધ કરી સમાજની નીતિ તથા પવિત્રતાનો ઉત્કર્ષ થશે ત્યારેજ વૈધવ્ય દુઃખનું સંકટ નહીં જેવું થશે. સ્ત્રી વિધવા થઇ કે તેને નવીનપતિ કરાવી આપ્યો એટલે વિધવાની સંખ્યા વધશે નહીં એમ સુધારકોનો મત હોય તો " विवेक भ्रष्टानां भवति विनिपात शतमुखैः" એટલુંજ કહી તેમના વિચાર ભ્રષ્ટનો હું એક દાખલો આપીશ. કાયસ્થ પ્રભુ જાતિમાં હાલમાં એક પુનરવિવાહ થયો અને તે બાબતમા પ્રભુ સમાજમાં જે ક્ષોભ થયો છે તેથી સુધારો સમાજને કેટલો પસંદ છે, એ સ્પષ્ટ દેખાય છે! સમજુ તેમજ શ્રદ્ધાવાન હિંદુઓને આ સુધારો (વિધવા વિવાહ) કદિ પણ ગ્રાહ્ય થઇ પડશે નહિ.

તમોને રાજકીય વિભાગણી ન જોઇયે તો સામાજીક વિભાગણી માટે એટલી બધી ધડપડકાં કરો છો?

"આચાર વિચારમાં સુસંગતિ જોઇએ" એવો પાઠ અમારા આગેવાનો શીખશે તો તેનું પરિણામ સારૂં આવશે. ડૉ૦ રાસબિહારી ઘોષ વગેરે બંગાલી લોક પોતાના પ્રાંતની વિભાગણી થવાથી એકદમ ચળવળ કરી હોહાકાર મચાવવાલાગ્યા અને સમાજની વિભાગણી કરવામાં અનુકુળ થાય છે એ જરચમત્કારિક લાગે છે. રાજકીય વિભાગણીમાં તમારા પ્રાંતનું રાજકીય બલ ઓછું થાય છે એમ તમારૂં કહેવું છે. તો પછી સમાજ વિભાગણી કરવાથી સમાજનું બલ ઓછું થશે એમ તમોને લાગતું નથી કે? લાગતું ન હોય તો તમારી દેશભક્તિ બદ્દલ સંશય પ્રદરશિત કરવાની હું પરવાનગી લઇશ. સમાજ પધ્ધતિ ખેરવવી એટલે સમાજના વિભાગ પાડવા જેવું છે. જાતિનું એકીકરણ કરવાથી વિભાગણી થતી નથી એવા તમારા વિચારના જવાબમાં જણાવીશું કે જાતિનું એકીકરણ કરવાથી સમાજનું બલવધવાને બદલે ઉલટું સમાજ દેહ છીન્ન ભિન્ન જેવો થઇ જશે. અને એથીજ આકૃતી

રીતે સમાજની વિભાગણી કરવા જેવું થાય છે. વર્ણસંકર ઉત્પન્ન કરવા એ કાંઇ સમાજનું ઐક્ય બલ વધારવા જેવું નથી. ઉલટું " આપ કરે સો કાયદા " માફક વર્તવાના પરવાના લોકોને આપવા જેવું થશે અને સમાજમાં સર્વથા એવા પ્રકારના ઘોંટાળા થશે કે જેનું પરિણામ અનિષ્ટ આવશે. સારાંશ એ છે કે જાતિનું એકીકરણ કરવું એ પરિણામ દ્રષ્ટિથી જોતાં સમાજની વિભાગણી કરવા જેવું છે. રાજકીય ચળવળ ચલાવી દેશહિત સાંધવાના બણગા ફુંકનારા લોક આ બાજુ સમાજની વિભાગણી કરવાનો ઉદ્યમ આરંભે છે, આ ચમત્કારિક વિસંગતીમાં સદ્દ્સન છે એમ કેમ કહી શકાય ? સમાજરચના ચુંથી મનમાં આવે તેમ વર્તવાથી સમાજ હિત તેમજ દેશહિત સાંધવાને બદલે ઉલટું દેશને તેમજ સમાજને નુકસાન થાયછે. સામાજીક બાબતોમાં મનમાં આવે તેમ વર્તવાની ટેવ પડવા લાગશે એટલે પરિણામ રાજકીય બાબતમાં પણ મનમાં આવે તેમ વર્તવાની ટેવ પડયા વગર રહેશે નહિ એવી બીક રહે છે. સમાજ ચુંથવાનો પ્રયત્ન કરનારા સમાજ સુધારકોને આ વાતની સમજ નથી કે સમાજનું મૂળ બગડશે એટલે અનેક પ્રકારનાં અનિષ્ટ પરિણામો ઉત્પન્ન થશે. સમાજ સુધારકો સમાજના ખરા આગેવાન છે એવી ભૂલને લીધે પરંતુ પ્રામાણિક સમજુતીથી સરકારે "સંમતી વય " ના બીલ સરખો કાયદો પાસ કીધો;પરંતુ લોક સમુદાયને આ કાયદો બીલકુલ ઇષ્ટ નથી. સર્વ સાધારણ લોક સમુહ સરકારના સંબંધમાં પૂર્ણ પણે રાજનિષ્ઠ છે, આ લોક સમુહના ખરા આગેવાન કોણ છે તે સરકારને પુર્ણ પણે સમજપડે તેમજ વસ્તુ સ્થિતિનુ યથાર્થ જ્ઞાન થાય એજ અમારૂં કર્તવ્ય છે. સમાજ સુધારકો લોક સમુહના ખરા આગેવાન હતે તો આજ સુધી વીસ બાવીસ વર્ષ થયાં જે સામાજીક ચળવળ કરવામાં આવે છે તેનું પરિણામ ઉત્તમ પ્રકારનું આવ્યું હતે; પરંતુ સામાજીક પરિષદની બેઠકો વેળા સુધારકો સુધારા કરવા સંબંધે ઘણી પ્રૌઢ ભાષાનો ઉપયોગ કરે છે તો પણ સમાજપર તેમના સુધારાનું કાંઇપણ સાર જેવું પરિણામ આવેલું દેખાતું નથી. એવી વસ્તુ સ્થિતિ છે. કોઇપણ બાબતમાં મૂળ બગડવાથી અનિષ્ટ થાય છે એ તત્વ ધ્યાનમાં રાખી સમાજનો બંદોબસ્ત બગડે તેવાં બીલ અથવા કાયદા સરકારે પાસ કરવા નહિ એવી અમારી દ્રઢ આશા છે.

તહ, તહનામા, સનદો વગેરે ચાલવામાં પુર્વના કાળની ચાલતી રીતી તથા પરંપરા એજ આધારભુત નથી કે ?

જુની ચાલતી રીતો, વહીવટ તથા પરંપરાને તોડવાની ઈચ્છા રાખનારા સમાજ સુધારકોને હું ફરી એક પ્રશ્ન પુછીશ. તમારા રાજા, રજવાડા તથા સંસ્થાનિકો જે ગાદીપર છે તે કયા આધારે છે ? જાગીરદાર તથા જમીનદારને પોતાની વડિલો પારજીત જાગીર તથા વતનનો ઉપભોગ કરવાનો હકક કયાંથી મલ્યો ? મોગલ બાદશાહ તથા શિવાજી છત્રપતી વગેરેએ આપેલી સનદો–મોગલ બાદશાહ તથા શિવાજી છત્રપતી એમનું હાલમાં હિંદુસ્થાનપર રાજ્ય નથી તો પણ તે ચાલુ છે (સનદો) તથા તેના હકકદારોને તેનો ભોગવટો કરવાનું બને છે તેમાં આધાર ભૂત શું છે ? એકદમ સાદુ ઉદાહરણ આપવાનું હોય તો, તે એ છે કે બાપની માલમતા તથા ઇસ્ટેટ ઉપર છોકરાનો હક કેવી રીતે પહોંચે છે ? અમારા રાજા, રજવાડા તથા સંસ્થાનિકો આજે ગાદીપર છે. અમારા જાગીરદારો તથા જમીનદારો પોતાની જાગીર તથા વતનનો ઉપભોગ કરે છે તથા મોગલ બાદશાહ તથા શિવછત્રી પતીની આપેલી સનદોનો ઉપભોગ કરી શકાય છે, આ સર્વના આધાર ભૂત જોઇશું તો તે " પુર્વ કાલથી ચાલતી આવેલી રીતી, વહિવટ તથા પરંપરા નોજ મહિમા " છે એમ સ્પષ્ટ જણાશે. સમાજની ચાલતી આવેલી રીતી વિરૂધ દખલ કરવું એટલે ખુદ સમાજ વિરૂધ દખલ કરી વર્તવાનું ઠરે છે. અને તે સામાજીક દખલ ખોરાને શાસન કરવાનું સમાજમાં સામર્થ્ય નહિ હોય તો નિસર્ગ ન્યાય અનેક તરેહથી આ સામાજીક અપરાધીઓને શાસન કરે છે એમ સર્વ જણાએ મનન કરવું જોઇએ.

સરકારને ઇસારો.

સમાજ સુધારકોની ચળવળથી સર્વોત્તમ શ્રેયસ્કર એવી સમાજ પદ્ધતિ ખોરવાઇ જઇ કોઇપણ રીતે અમંગલ વ અશુભ સ્થિતિ પ્રાપ્ત થશે, એ ઉપર કરેલા વિવેચનથી સ્પષ્ટ સમજાશે. સમાજનો બંદોબસ્ત બગડવો એ સમાજ હિતની તથા દેશહિતની દ્રષ્ટિથી શ્રેયસ્કર નથી. સમાજમાં અવ્યવસ્થિત પણું ચાલવાથી બેજવાબદારી તથા ગેરબંદોબસ્તનું પ્રાબલ્ય થઇ

અનિષ્ટ પરિણામ આવશે, એ તત્વ સરકારે લક્ષમાં લઇ, સાધારણ લોક સમુહની રાજનિષ્ઠા અબાધિત રાખનારી હિંદુસમાજની પ્રાચીન પદ્ધતિ ઉલટાવવાનું કારણ બને એવા કાયદા વ બીજો સુધારકોના કહયા મુજબ બનાવવાથી સરકાર પરાવૃત્ત થશે એવી અમો આશા રાખીએ છીએ. શ્રેયસ્કર સામાજીક, રાજકીય વ આધ્યાત્મિક પ્રગતી પોષક એવી હિંદુ સમાજની પધતિ છે અને અત્યુચ્ચ ધર્મ કલ્પનાના પત્યાપર તે રચવામાં આવેલી છે. જગતનું આધ્યાત્મિક કલ્યાણ થઈ સર્વત્ર સુધારાના વ વિશ્વબંધુત્વનો કાળ જે કાળના ચિંતનથી કવિ કલ્પનાને સ્ફુર્તી મળે છે, વ જગત્કલ્યાણ ચિંતકના આત્માને વિરામ મળે છે તે કાળ-પાસે આવવો શકય હોય વ જગતમાં શાંતના અને વિશ્વબંધુત્વ એનું અખંડ સામ્રાજ્ય સંસ્થાપિત થવાનું હશે તો હિંદુ ધર્મ તત્વજ્ઞાનનો ઉત્કર્ષ ને ઉત્કર્ષથી અવશ્ય થનારી સમાજોન્નતિ થવી અવશ્ય છે. સારાંશ કે સમાજહિત, રાષ્ટ્રહિત, ભૂપહિત વ વિશ્વહિત સાધનાર હિંદુ તત્વજ્ઞાનનાં પાયાપર રચાયલી હિંદુ સમાજની ભવ્ય અને સુંદર ઇમારત સલામત રાખવી એ સર્વનું કર્તવ્ય છે એટલું કહી તથા સર્વનું ભલું ઇચ્છી વાંચકોની રજા લેવા પુર્વે તેઓ પ્રત્યે મારી એજ વિનંતિ છે કે કોઇ પણ ધર્મ તથા કુળમાં જન્મ થવો અથવા ન થવો એ ઇશ્વિરાધીન છે,તેથી જે કુળમાં પોતાનો જન્મ થયો હોય તે કુળની ધર્મ પરંપરા ચાલુ રાખવી એ આપણું કર્તવ્ય છે. તેનાથી પરાઙ્મુખ થનારને અતિ દુઃખની પ્રાપ્તિ થાય છે. એ અનેક ઉદાહરણોથી સિદ્ધ થએલું છે. રાજા તથા પ્રજાનો સંબંધપણ ધર્મથીજ છે. એટલું કહી વાંચકોની રજા લઇશ. ઇતિશુભમ્.

શેઠ ચતુર્ભુજ મુરારજી. જે-પી.-નું ટૂંક જીવન વૃતાંત.

શેઠ ચતુરભુજ મુરારજીનો જન્મ મુંબાઈ ઇલાકામાં આવેલા કચ્છના દેશી રાજ્યને તાબેના તેરા ગામમાં સંવત્ ૧૮૯૦ ના અધિક ભાદ્રપદ કૃષ્ણ ૨ ને દિને યદુવંશીય ભાટીયા જ્ઞાતિમાં થયો હતો. એઓ પંદર વર્ષની ઉમરે કચ્છ તેરાથી મુંબાઇમાં પોતાનું નસીબ અજમાવવાને એકજ લુગડે આવ્યા હતાં. પ્રથમમાં સાધારણ રીતની નોકરી કરી એમણે પોતાના સ્વર્ગવાસી ભાઇ

ગોલોકવાસી શેઠ ચતુરભુજ મુરારજી જે. પી.



જનમ અધીક ભાદરવા વદ ૨ | ગોલોકવાસ ચૈત્ર વદ ૭
સંવત ૧૮૯૦ ગાંમ તેરા-કછમા. | સંવત. ૧૯૬૫ શ્રીનાથદ્વારામાં.

નાનજી મુરારજીની સાથે ભાગખાતામાં મુકાદમીનો ધંધો કરવા માંડયો હતો. નસીબના બળે કરીને એમને મેસર્સ રાલી બ્રધર્સની મુકાદમીનું કામ મળ્યું. અને તેમાંથીજ સ્વર્ગસ્થનો પ્રથમ ઉદય થયો હતો. બાદ સ્વર્ગસ્થે પંડે વેપાર માં ઝોકાવી પોતાની વ્યાપારી કુશળતાથી સારી નામના સાથ લક્ષ્મી સંપાદન કરી મુંબઇના અગ્રગણ્ય શેઠીઆઓમાં ગણાવા લાગ્યા હતા. એમનામાં સાહસિકતા, ખંત, ઉદ્યોગિક વર્તન તથા પ્રમાણિકપણું એવાં તો સચોટ હતાં કે જેના વડે સ્વર્ગસ્થ આખા દેશમાં સુવિખ્યાતિ પામેલા હતા, એમની ઉદાર વૃત્તિ અચળ હતી, જેથી એઓ કોઇપણ ફંડમાં કંઇને કંઇ પણ આપ્યા વગર રહેતા નહિ. એમનું જીવનવૃત સરળ અને સાદુ હતું. એઓ એકજ દેવના ઉપાસક હતા. એમના દષ્ટ શ્રીનાથજી હતા, તેની તેમણે ઘણી વારયાત્રા કીધી છે. એ ઉપરાંત આર્યાવર્તના પવિત્ર ગણાતાં મુખ્યસ્થળોની પણ સ્વર્ગસ્થે યાત્રાઓ કીધી છે. સ્વર્ગસ્થ શ્રી વલ્લભી વૈષ્ણવ સંપ્રદાયના ચુસ્ત સેવક હતા. એ સંપ્રદાયપર એમની એટલી બધી અતુલ શ્રદ્ધા હતી છતાં પણ કોઇબી રીતનું અસત્ વર્તન સાંખી શકતા નહીં. સ્વધર્મ પ્રત્યેની એમની ગમે તેવી અંધ શ્રદ્ધા કહેવામાં આવે તોપણ જેમ હાલમાં કેટલાક આચાર્યો તેમજ આર્યધર્માવલંબીઓ તરફથી અન્ય ધર્મ વા સંપ્રદાયનો દ્વેષ કરી નીંદા કરવામાં આવેછે તેમ શેઠ ચતુર્ભુજ કે જેમણે કેળવણી બહુ ઓછી લીધી હતી છતાં પણ કોઇબી ધર્મ વા સંપ્રદાયનો દ્વેષ યા નીંદા કરતા નહોતા તેમજ નીંદા કરનાર પ્રત્યે અતિ તિરસ્કારથી જોતા હતા, એજ એમની બુદ્ધિનું વિશાળપણું તથા વિચારની વિશુદ્ધતા દાખવે છે. શેઠ ચતુર્ભુજ શ્રી બાબુલનાથના શૈવમંદિરના એક ટ્રસ્ટી હતા. તેવીજ રીતે વૈષ્ણવ મંદિરોના પણ ટ્રસ્ટી હતા. એઓ જાહેર દાન કરવા કરતાં ગુપ્તદાન કરવામાં અતિ પ્રસન્ન રહેતા હતા. "માંગવા કરતાં મરતું ભલું" એ કહેવત જેવાઓને લાગુ પડે તેવા ઘણાક જનોને સ્વર્ગસ્થ તરફથી ધન, કપડાં તથા અનાજની મદદો આપવામાં આવતી હતી. સ્વર્ગસ્થ સત્યવકતા તેમજ જાહેર હિમ્મતવાળા પુરૂષ હતા. સ્વર્ગસ્થને સરકાર તરફથી જે–પી.નો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો જે એમણે મરણ પર્યંત ભોગવ્યો છે. સ્વર્ગસ્થની પ્રીતિ પોતાની જન્મ ભુમિ પ્રત્યે એવી તો મજબુત હતી કે જેથી તેઓ એ ભુમિપર આવી પડતી હરેક આ-

ક્ષેતોમાં પોતાનાથી બનતું કરતા હતા. ચોત્રીસના કાળમાં શેઠ ચતુર્ભુજે એ-કલા તેરા ગામનેજ લગભગ પચાસ હજાર રૂપીઆની મદદ કરી દુષ્કાળના પંજામાં સપડાયલાઓને નિભાવી એક વિશાળ તળાવ બંધાવ્યું છે, જેનું નામ સ્વર્ગસ્થે મુરાર સરોવર આપ્યું હતું પણ તેરાવાસીઓએ "ચત્તાસર" પાડયું છે. એવીજ રીતે છપનીયામાં તેમજ અન્યવખતે મુંગે મોઢે નાણાની મોટી રકમોની મદદ કચ્છ દેશને તેમજ અન્ય સ્થાનોમાં શેઠ ચતુર્ભુજે આપી છે. એમની ઉદારતા એટલી મોટી હતી કે અત્યાર સુધીમાં ૨૦-૨૫ લાખ રૂપીઆ ખાનગી અને જાહેરમાં મળી અપાયા હશે. વળી એમને આંગણેથી કોઇપણ અતિથી અભ્યાગત કદી ખાલી હાથે ગયો હોય એવો બનાવ કવચિતજ બન્યો હશે. પોતાની જ્ઞાતિની ઉન્નતિ માટે પણ એમનો પુષ્કળ આગ્રહ હતો. " ભાટીયા બાલ રક્ષક વિદ્યાલય " સ્થાપવામાં સ્વર્ગસ્થ શેઠનો મુખ્ય હાથ હતો. એમની એજ જ્ઞાતિની ઉન્નતિનો તેમજ વિદ્યા પ્રતિની અભિરૂચી દર્શાવે છે. એમનો મુખ્ય આશય ગીતામાં પરાત્પર પરમાત્મા શ્રી કૃષ્ણ ભગવાને કથ્યા મુજબ " स्वधर्मे निधनं श्रेयः " નોજ હતો અને તેજ મુજબ એમનાઇષ્ટના ચરણ કમળમાં શ્રીનાથદ્વારા મુકામે સંવત્ ૧૯૬૫ ના ચૈત્ર વદ ૭ સોમવારને દિને "શ્રેયઃ" અર્થાત્ સ્વર્ગવાસ થયો છે. એ સમયે એમનું વય ૭૫ વર્ષનું હતું. સ્વર્ગસ્થ શેઠ ચતુર્ભુજ મન, કાયા અને વાચાથી ખરેખરાજ વૈષ્ણવ હતા. એમ કહેવામાં કદીપણ અતિશયોકિત કરવામાં આવતી નથી. એમના સ્વર્ગવાસથી વૈષ્ણવ સંપ્રદાયને વિશેષ હાનિ થઇ છે. એમને બે પુત્ર અને એક વિધવા છે. ઇશ્વર એમના આત્માને એમની ઇચ્છાનુસાર ગોલોક વાસ આપો ! ! ધર્મએ એક એવી ચીજ છે કે જેના સેવનથી મનુષ્ય સુખી જીંદગી ઉપરાંત 'શ્રેય' અર્થાત્ મોક્ષને મેળવી શકે છે. તે શેઠ ચતુર્ભુજ મુરારજીના જીવનપરથી સ્પષ્ટ બોધી શકાય છે. વળી વધારે જાણવાની ખાતર નીચેના સુપ્રસિદ્ધ શેઠીઆઓના નામ આપેલા છે જેમના વૃતાંતથી આપણને ખાતરી થશે.

શેઠ મુળજી જેઠા. શેઠ ઠાકરસી મુળજી. શેઠ ગોકુળદાસ તેજપાળ.

શેઠ કેશવજી જાધવજી. શેઠ ખેમજી જીવા. શેઠ આશાર વીરજી.

શેઠ રૂપશી ધનજી. શેઠ મંગળદાસ વ્રજભુખણદાસ. શેઠ કાનજી ખેતશી.
શેઠ ચુનીલાલ નગીનદાસ સરાફ. શેઠ ચંદારામજી. શેઠ નરશીનાથા.

આ. મહોપાધ્યાય શંકર દાજી શાસ્ત્રી પદે નું ટુંક જીવન વૃત્તાંત.

વે૦ રા. શંકરશાસ્ત્રીનો જન્મ તા. ૩૦ મી મારચ સને ૧૮૬૭ ને દિને મુંબઇમાં થયો છે. એમના વડીલો પુણા જીલ્લાના નારાયણ ગામના વતની હતા. એઓ સનાતન ધર્માનુયાયી હતા. એમના પિતા કૈ૦ દાજીશાસ્ત્રી-વિદ્વાન, કર્મનિષ્ઠ બ્રાહ્મણ હતા. એઓ એક કુશળ જ્યોતિષી હતા. વે૦રા. શંકર શાસ્ત્રીએ છ વર્ષની લઘુવયે પ્રથમ મરાઠીનું શિક્ષણ લેવાનો આરંભ કીધો હતો. આઠ વર્ષની વયે વેદાધ્યયનનો આરંભ કરી બાર વર્ષની ઉમરે ન્યાય વ્યાકરણ વિગેરે સંસ્કૃત શાસ્ત્રનું અધ્યયન ગો૦ વાસી. ભારતમાર્તંડ વેદાંત ભાસ્કરાચાર્ય પં. શ્રી ગટ્ટુલાલજીની પાઠશાળામાં શરૂ કીધું હતું. વે૦ રા. શાસ્ત્રીએ "બાલસુમિત્ર" નામનું માસિક પ્રથમ કાઢયું હતું. સોળ વર્ષની ઉમરે વૈદ્ય વિદ્યાનો અભ્યાસ કરવા માંડયો હતો. અઢાર વર્ષની ઉમરે "રાજ-વૈદ્ય" નામનું માસિક શરૂ કીધું હતું. એમણે "આર્યભિષક" માસિક પોતાની ૨૧ વર્ષની વયે શરૂ કરી પોતાના મરણ પર્યંત ચલાવતા હતા. રા. શાસ્ત્રીજીને સાર્વજનિક કાર્યો કરવાની અતિ હોંશ હોવાથી તેમણે "વાગ્વિ-લાસ" "ફ્યાજી વિજય" "વડોદરા વત્સલ" "ગુરાખી" "શેતકરી-યાંચી કૈવારી" "દૈનિક પ્રભાકર" વગેરે પત્રોમાં સાર્વજનિક લાભ માટે વારંવાર લેખો લખતા હતા. સને ૧૮૯૩ માં મુંબઇમાં થયેલાં હિંદુ મુસલમાન-ના હુલ્લડમાં રા. શાસ્ત્રીજીએ સમાધાની સંબંધે કેટલીક ખટપટ કરી હતી. રા. શાસ્ત્રીજી એ એક "વૈદ્ય સભા" સ્થાપન કરી તે દ્વારા વૈદક વિષયોપર સાપ્તાહિક વ્યાખ્યાનો અપાવતા તેમજ આપતા હતા. પનવેલ મુકામે "ધુ-તપાપેશ્વર આરોગ્ય મંદિર" ની સ્થાપના કરી પ્રારતલિક ભાષણમાં એવી સંસ્થા હિંદુસ્તાનના વૈદક માટે લાભદાયી છે, માટે એવી બીજી સંસ્થાઓ ઉભી કરવા આર્યવર્તવાસીઓને આગ્રહ કીધો હતો. આર્યવૈદકના ઉત્કર્ષ માટે રા. શાસ્ત્રીજીએ અથાગપરિશ્રમ કીધો છે. ડૉ૦ પોપટ પ્રભુરામવાળા આયુર્વેદવિદ્યાલયમાં રા. શાસ્ત્રીજીએ "વાગ્ભટ" ના અધ્યાપકનું કાર્ય

કેટલીક વખત કર્યું છે. "પંચાંગસંશોધન" ના કાર્યમાં પણ એમણે આગેવાની ભરેલો ભાગ લીધો હતો. ભારતધર્મ-મહાપરિષદ્ તરફનું "ભારતધર્મ" પત્ર એઓ આજ દશ વર્ષ થયાં ચલાવતા હતા. એમણે હિંદી ભાષામાં "સદ્વૈદ્યકૌસ્તુભ" માસિક કાઢ્યું છે જે આજપર્યંત ચાલુ છે મુંબઈના સાપ્તાહિક પત્રોમાંના એક આગેવાન "ગુજરાતી" પત્રમાં પણ "વૈદ્ય સર્વસ્વ" એ વિષયપર લેખ લખતા હતા. ૧૯૦૫ માં નાસિક મુકામે "શ્રી ગોદા-મહૌષધાલય" તેમજ "શ્રી સયાજી આયુરવેદ વિદ્યાપીઠ" સ્થાપન કીધાં. નાગપુરમાં પણ "શ્રી જાગૃતેશ્વર મહૌષધાલય" તેમજ "આયુર્વેદ પાઠશાળા" વૈદક શિક્ષણ આપવા માટે સ્થાપન કીધાં છે. ૧૯૦૭ મં શ્રી ક્ષેત્ર નાસિકમાં પ્રથમ રાષ્ટ્રીય વૈદક સમ્મેલન રાયબહાદુર શ્રી રાધા પ્રસાદ નારાયણ સિંહના પ્રમુખ પણા નીચે મેળવ્યું હતું. દ્વિતીય સમ્મેલન પનવેલ મુકામે આયુર્વેદ વિદ્યાનિધિ વૈદ્ય શાસ્ત્રી શ્રીકૃષ્ણશાસ્ત્રી જયપુરના અધ્યક્ષ પણા નીચે મળ્યું હતું અને તેજ સ્થળમાં તેજ વખતે "સનાતન ભારતધર્મ મહાપરિષદનું ૮ મું અધિવેશન તેમજ "બ્રાહ્મણ મહાસભા" પણ હતી. "પ્રાંતિક વૈદ્યક સમ્મેલન" સતારામાં મેળયું હતું. સન ૧૯૦૯ માં ત્રીજું વૈદક સમ્મેલન "તથા પ્રદર્શન શ્રી કાશી ક્ષેત્રમાં ભરવામાં આવવાની હતી. આ ઉપરથી સમજાશેકે રા૦શાસ્ત્રીજીનો જન્મ ઇશ્વરે આયુર્વેદના ઉદ્ધાર માટે કીધો હશે. "काश्याम् तु मरणान् मुक्तिः" એ મુજબ શાસ્ત્રીજીનો દેહાવસાન શ્રી ક્ષેત્ર પ્રયાગમાં રામનવમીના મધ્યાન્હ કાળમાં થયો છે. એમની ધર્મ તેમજ વૈદકપરની શ્રદ્ધા અતુલ હતી, એઓએ સાર્વજનીક કાર્યોમાં ઘણો સારો ભાગ લીધેલો છે. ધર્મ સંબંધી સભાઓમાં તેમજ મેળાવડાઓમાં તેઓ નિયમીત હાજરી આપી પોતાની શકિતઅનુસાર કાર્યવાહી કરતા હતા. ઇશ્વર એમના આત્માને શાંતિ આપો ! ! (મુ.)

ફકત ધર્મવિષયક જ્ઞાન વર્ધક પ્રશ્નોત્તર.

પ્રશ્ન—આજની પ્રજા જે અલ્પાયુષિ, ઘણે અંશે અસમર્થ અને કમતાકાત જોવામાં આવે છે તેનાં કારણો કયાં ? અને તેવી પરિસ્થીતિ શરૂ થયાને આજ કેટલાં વર્ષ થયાં ?*

ઉત્તર—કહેવત છે કે કહું તો કહા ન જાય ઓર કહૂં તો મા મારી જાય ઓર ના કહૂં તો બાપ કુત્તા ખાય. આવી સ્થીતિ આપણા આર્યબંધુઓની આજ કાલ થઇ પડી છે. ખરી હકીકત કહેવા જતાં આજના સમયના અગ્રગણ્ય ગણાતા વિદ્વાનોને તે વાત રૂચતી આવતી નથી, અને હાલની પરિસ્થીતિ તરફ દુર્લક્ષ્ય કરી મૌન ધારણ કરવાથી જે હાનીકારક પરિણામ આજ દ્રષ્ટિએ પડે છે તેમાં દિન પ્રતિ દિનં વૃદ્ધિજ થયાં કરે છે. અફસોસની વાત એ છે કે હાલના પાશ્ચાત્ય પ્રજાના પ્રાબલ્ય અને અમલના સમયમાં કેટલાક પ્રકારના વિચાર સ્વાતંત્ર્ય ના હકનો ભોગવટો છુટથી થતો હોવાથી કોઇ પણ વ્યકિત પ્રદર્શીત વિચારો અને ઉદ્દગારો વિષે ચર્ચા કરવી એ દિન પ્રતિ દિન ઘણું જોખમકારક થતું જાય છે. તેમાં પણ, તદ્વ્યકિત વિષયક વિવેચન કરતાં કદાચ અલ્પાંશે પણ શબ્દ પ્રહાર થઇ જાય તો આજનો ફોજદારી કાયદો તેવા કૃત્યની સખત ખબર લેવા તૈયાર છે. આથી કોઇના પણ વિચાર—સ્વાતંત્ર્ય વિષયક ઉપર આક્ષેપ કરી ખરી સ્થીતિનું આ લેખન કરવા જેવા સ્તુત્ય કાર્યમાં પણ વિચારવંત જ્ઞાની જનો દુર્લક્ષ વૃત્તિ ધારણ કરવામાંજ ડહાપણ સમજે છે. આવા અનેક કારણોને લીધેજ આર્યાવર્તની હાલની અધમ સ્થીતિ થઇ પડી છે. પાશ્ચાત્ય પ્રજાના આચાર વિચાર તેઓનાં શાસ્ત્ર અને તેઓનાં ચરિત્ર એ વિગેરેનું યતકિંચિત્ જ્ઞાન મેળવી, પરિણામે ત્યાંની વસ્તુસ્થીતિને અનુસરી, પોતાનાં આયુષ્ય અને વર્તન ઘણે અંશે તદ્દતજ બનાવવામાં આજની વિદ્વત્તાની પર્યાપ્તિ થતી જોવામાં આવે છે. આપણી આર્ય પ્રજાનું ષ્ટ શ્રેય તે માગે છે કે નહિ તે વિષે અત્રે કહેવું જરૂરનું નથી, પરંતુ આટલું તો નિર્ભય પણે કહી શકાય કે તે દેશોમાં સુખ, ઉન્નતિ અને જીવન સાફલ્યની જે વ્યાખ્યાઓ પરિપૂર્ણ સમજવામાં આવે છે તેજ વ્યાખ્યાઓ આર્યપ્રજાને માટે સપૂર્ણ અંશે બંધબેસ્તી ન જ ગણાય. આર્યાવર્ત પાશ્ચત્ય દેશો કરતાં પ્રત્યેક રીતે ભીન્ન સ્થીતિમાં છે. ત્યાંની હવા શીત, આર્યાવર્તની ઘણે અંશે સમશીતોષ્ણ; ત્યાંની પ્રજાની આહાર વસ્તુઓ જુદી, આપણી પ્રજાની જુદી; ત્યાંની ભૂમીના ગુણ જુદા, આર્યાવર્તની ભૂમીના જુદા, ત્યાંના ધર્મો અને આ દેશના ધર્મોમાં આસમાન—જમીનનો અંતર; ત્યાંની પ્રજા ઘણે અંશે દૈહિક—સુખને ઇચ્છનારી, અત્રેની પ્રજાને આત્મોન્નતિ વધારે ઇષ્ટ; વિચાર શ્રેણી પણ જુદી; આ પ્રમાણે સર્વ પ્રકારે જુદીજ

પરિસ્થીતિના દેશોના વ્યવહારાદિનું અનુકરણ આપણને એટલેજ અંશે ફળીભુત થાય કે જે અંશે આપણે આપણા દેશનું અસ્તિત્વ ભુલી જઇએ, આપણું ધર્માભિમાન ત્યજી દઇએ અને બને તે રીતે આપણા દેશને તે દેશના જેવો નારવા પ્રયત્ન કરીએ.

કોઇ પણ ધર્માભિમાની માણસે પોતાનો ધર્મ તજી દેવો ન જોઇએ એ પ્રકારનો ઉપદેશ આજકાલ સર્વત્ર ઉદ્ઘોષાતો સાંભળવામાં આવે છે એ ખરૂં, પણ ખરેખર શોચનિય વાત તો એ છે કે આપણું બોલવું અને આપણું કર્મ એ બે જુદીજ—સામસામી—દીશાઓમાં પ્રયાણ કરતાં જણાય છે. બોલવામાં જે આપણે સુચવીએ છીએ તેનો કર્મમાં અક્ષરશઃ ત્યાગ કરીએ બીએ આ પ્રકારનું પસરતુ જતુ એવોનું વર્તનથી—કહેવાતો સુધારો એજ ઘણે અંશે આપણા દૌર્બલ્યનું ખરૂ મુળ કારણ છે. દાખલા તરીકે હાલમાં જયાં ત્યાં પસરી રહેલો ચહા આદી કેફી પીણાંનો પ્રચાર એ ફકત પાશ્ચાત્ય સંબંધનુંજ પરિણામ છે. માંસાહાર જેવા જડ અને કષ્ટ—પાચ્ય પદાર્થોને અંગે તેવાં પીણાંની ગરજ ગણવામાં આવતી હોય તો ભલે, પરંતુ વનસ્પતિ અને અન્નના સાદા અને સહજ—પાચ્ય આહારને માટે તેવાં કેફી અગર ક્ષાર મીશ્રીત પીણાંની બીલકુળ જરૂર નથી એમ આપણાં શાસ્ત્રોએ સ્પષ્ટ જણાવેલું છે. છતાં પાશ્ચાત્ય પ્રજાના સંબંધમાં આવતા આજ કાલના વિદ્વાનોને પોતાના એતદ્દેશી મીત્રોનાં વખાણને ખાતર તેવાં પીણાંનો અનુગ્રહ કરવો જ પડે છે અને गतानुगति को लोक એ નિયમે દેખાદેખી આખી પ્રજામાં તે દીવસોદીવસ વધતાંજ જાય છે. તેના પરિણામ કેવાં આવે છે તે જુઓ.

કેફી અને ક્ષાર મીશ્રીત પીણાંની અસર એવી કે છે. જઠરમાંના જડ પદાર્થોનું ભેદન કરી તેને પાચન થવામાં સ્હાયભૂત થાય છે. પરંતુ ખાધેલો પદાર્થ જડ ન હોતાં શુક્ષ્મ હોય તો તે પોતાની અસર જઠરાગ્ની અને રકત માંસ વિગેરે ઉપર કરી તેને દ્રાવી નાખે છે. પરિણામ એ આવે છે કે દીવસો દીવસ ક્ષુધા મંદ અને રકત નિર્માલ્ય થઇ શરીરની પ્રકૃતિ દીવસો દીવસ લથડતી જાય છે અને આખું શરીર તે પીણાને વશ થઇ જાય છે. અર્થાત તાત્કાળીક જાગ્રતી લાવવા માટે તેની વારંવાર જરૂર પડે છે. આવી સ્થીતિ કેટલાએ જુવાનીયાઓની થતી જાયછે એ સાબીત કરવા માટે પ્રમાણોની

બીલકુલ જરૂર નથી કારણકે જ્યાં ત્યાં એજ જોવામાં આવે છે. આ બાબતમાં જેમ જેમ વધારે વિચાર કરીશું તેમ તેમ આપણને એકજ અનુમાન ઉપર આવવું પડશે કે આજકાલ આપણામાં જે હાની કારક વર્તનો પાશ્ચાત્ય સંબંધોને લીધે પેશી ગયાં છે તેજ આપણી વર્તમાન દુઃખમય સ્થીતિનું કારણ છે, અને તે વર્તનને જ્યાં સુધી સર્વાંશે દુર કરવામાં આવશે નહિ ત્યા સુધી આપણું ઐશ્વર્ય આપણે પાછું મેળવી શકીએ એ તદન અસંભવીત જછે.

બીજો દાખલો આપણા સુખનો લઇએ. આપણી પ્રજાના પૂર્વે થઇ ગએલા શિષ્ટ વિદ્વાનોએ નિર્દેશેલા ધર્મો પ્રમાણે આપણું વર્તન રાખી, ધર્મમય વૃત્તિને અનુસરી જે રીતે આપણો નિર્વાહ થાય તેમાંજ આનંદ માની દૈહિક સુખની લોભ–લાલસામાં ન પડતાં આત્મોન્નત્તિ તરફ વિશેષ લક્ષ આપવું એજ સુખ અને જીવન–સાફલ્ય. અલબત આ ઉપદેશમાં આપણા શાસ્ત્રકારોનો એ ઉદ્દેશ નહોતો કે આપણને કર્મ–શિથિલ બનાવવા; તેમનો ઉદ્દેશ તો એજ હતો કે ધર્મપૂર્વક યત્ન કરી જે કાંઈ પ્રાપ્ત થાય તેથી સંતુષ્ટ રહી લોભાદિ મૂલક અધર્માચરણથી દુર રહેવું. પરંતુ આ ઉદ્દેશનો ખોટો અર્થ ઉઠાવી આપણને આજ એમ સમજાવવામાં આવે છે કે આપણાં શાસ્ત્રોએ આપણને કર્મશિથીલ બનાવ્યા છે. અને આપણે કર્મ–પ્રવૃત્ત થવાની ઘણી જરૂર છે. હાલની વસ્તુસ્થીતિ જોતાં આ ઉદ્ઘોષમાં કાંઇક અંશે સત્ય છે એમ માની લઈએ તો પણ તેને જે રૂપમાં આજ આલેખવામાં આવે છે તે જોઇએ તે કરતાં ઉલટુંજ છે. આગળ કહ્યું તેમ આ કાર્ય માટે પણ જે નવા શિષ્ટ વ્યકિતઓનાં ઉદાહરણ આપણી સમક્ષ રજુ કરવામાં આવે છે તે આપણા માટે ઘણે અંશે અગ્રાહ્ય છે.

આપણા દેશની હવા, આપણો વ્યવહાર, ધર્મ એ વિગેરેને લક્ષમાં રાખીને આપણા પૂર્વજ વિદ્વાનોએ આપણો ધર્મ નિર્ણય કરેલો છે ને ત્યજી દઇ પાશ્ચાત્ય પ્રમાણો લક્ષમાં રાખી આપણું વર્તન તદ્રુત કરવા જતાં પરીણામ એ આવે છે કે આપણી સ્થીતિ યતો ભ્રષ્ટ સ્તતો ભ્રષ્ટ: ના જેવી થાય છે અને લાભમાં મહા રાક્ષસી ચિંતાનાંજ દર્શન આપણા કર્મે ચોટે છે.

પ્રશ્ન–બાઇઓ આજનાં ઘણાંખરાં વર્તમાન પત્રોમાં તથા હાલના કહેવાતા આગેવાનો તથા વિદ્વાનોના ઉદ્ગારો એવા સાંભળવામાં આવેછે કે

સને ૧૮૫૭ સાલના ઢંઢેરામાં અમારી દયાળુ સરકારે અમોને એવું વચન આપ્યું હતું કે કોઇના પણ ધર્મની લાગણી દુખાય એવી રીતે સરકાર ધર્મની બાબતમાં વર્તશે નહિ. એવું છતાં હાલમાં સરકારના તરફથી હિંદુસ્તાનની પ્રજાના ધર્મનાં વિરૂદ્ધ વર્તન કરવા પ્રજાને ફરજ પાડે છે. એવા ઉદગારો સાંભળવામાં આવે છે. તો એમાં સત્ય કેટલુંક છે ?

ઉત્તર—એ બાબતમાં હું તમોને જણાવીશ કે અમારી દયાળુ સરકાર બીલકુલ અમારી ધર્મની બાબતોમાં હાથ ઘાલતી નથી, એના ચુકાદામાં પ્રત્યક્ષ શ્રીમંત મહારાજ ગાયકવાડસરકાર સેના ખાસ ખેલ સમશેર બહાદુરનો દાખલો બસછે. કારણ કે અમારી દયાળુ સરકારે અસલના ગાયકવાડીના અસલના અધિપતિ સાથે જે કોઇ તહ (Treaty) કરેલી હતી તેને અનુસરીને ગાયકવાડનું સંસ્થાન કાયમ રાખીને ગાયકવાડ અટકના પુરૂષને શોધી કહાડી અમારા હિંદુ ધર્મશાસ્ત્ર મુજબ કૈલાસવાસી ખંડેરાવ મહારાજનાં પત્ની કૈલાસવાસી મા. જમનાબાઇ રાણીસાહેબના ખોળે એ પુરૂષને ધર્માડજ્ઞાનુસાર દત્તવિધાન કરાવીને એમને એ સંસ્થાનના અધિપતી બનાવ્યા છે. અમારી દયાળુ સરકારે એ સંસ્થાન ઉપર બીજા અન્ય જાતિના પુરૂષને લાવીને બેસાડયો નહી. તો ભાઇઓ જોશો કે સરકાર કોઇ અમારા ધર્મમાં હાથ નાખતી નથી. પણ જે મહારાજાશ્રીને અમારી દયાળુ સરકારે ગાયકવાડીના માલીક બનાવ્યાછે એજ મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ અસલના પુર્વજોના ધર્મથી વિરૂદ્ધ વર્તન કરવા સારૂ નવા નવા કાયદાઓ તથા નિયમો કરીને લોકોના અસલના ધર્મના વહિવટનું સત્યાનાશ વાલેછે. તેના ચુકાદામાં અત્યંજ વર્ગનું જાતીમાં એકીકરણ. જુઓ એ મહારાજાશ્રીને જાતીના એકીકરણમાંની બાબતમાં કાંઇ સ્વાર્થ નથી એ કહેવું બહુ જુઠું છે. એમ જો હોય તો એમણે એપણ સમજવુ જોઇએ કે દત્તવિધી નથી (Adoptian) છોકરો યથ્રનેજ અધિકારી થાય છે કે. એતો પોતે અને તેજ દત્તવિધાનના ધર્મ પ્રમાણે તેઓ શ્રી શ્રીમંત સે. ખા. સ. બહાદુર શ્રી સયાજીરાવ ગાયકવાડ અધિપતી સંસ્થાન વડોદરા એ નામ ધારણ કરી શ્રી સંસ્થાનનો ઉપભોગ લે છે. તો પછી ગરીબ, પ્રજાને પોતાના પરંપરાના ધર્મ વિરૂદ્ધ વર્તન કરવાની કેમ ફરજ પાડતા હશે તેની કલ્પના વાંચનારેજ કરવી, તો ભાઇઓ કહેવત છે કે

કારણ વગર કૃત્ય નહિ અને કૃત્ય વગર કારણ નહિ. અંત્યંજ વર્ગ આજનો નથી. અસલનો હજારો વર્ષનો છે. તેઓનું એકીકરણ કરવાની ખટપટ શુ કરવા કરવી જોઇએ તેનું કારણ એજ કે આજે સાડાપંચ કરોડ અંત્યજ વર્ગ છે તેને આગળ લાવવો જોઇએજ.અને શ્રી-મહારાજા.શ્રી. આપણ ભાષણમાં પોતે કહે છે કે તેમની બીજી વર્ણો સાથે એકયતા થવી જોઇએ પરંતુ એવી એકમતા શાસાર જોઇએ ? મહારાજાશ્રીના મનમાં હશેકે એ લોકોને હાથમાં લઇશું ને આગળ વધારશુ તો એ વર્ગનો પ્રેમ એમના તરફ વધારે થશે. એટલાજ માટે એઓ આપણા અંત્યજ કલાસના ઉદ્ધારની બાબતમાં જે સભાઓ થાય છે તે સર્વમાં એકજ અભિપ્રાય આપેછે. તો ભાઇઓ ખુલ્લેખુલ્લુ દેખાયછે કે ધર્મશીલ પ્રજાના ધર્મનું એથી સત્યાનાશ વળી પ્રજાનું ધર્મની બાબતમાં કાંઇ ભલુ થતું નથી. મહારાજાનો માત્ર ઇષ્ટહેતુ સફલ થતો હોય તો ભલે! પણ આપણા બાપદાદાના ધર્મનો ત્યાગ કરી એમના મત મુજબ વર્તવા લાગશું તેથી આપણને લાભ થઇ આપણા ઇષ્ટહેતુ પાર પડશે એ માનવું તદન વ્યર્થ છે. ભાઇઓ તમો પોતાને આર્ય અથવા હિંદુ કહેવરાવતા હો અને અસલના નીતિ રીતિ અને ઉન્નતિનું તમોને અભિમાન હો તો ભાઇઓ ઉપરના મહત્વાકાંક્ષી લોકોની જાળમાં સપડાતા નહિ. આપણા દાદા પરદાદાનો ધર્મ છોડતા નહિ અને ધર્મથીજ આપણા દેશને આર્યાવર્ત અથવા હિંદુસ્થાન કહેવામાં આવે છે જો અસલની ધર્મનીતી તમોને નહિ જોઇતી હોય તો આ દેશને આર્યાવર્ત કે હિંદુસ્તાન અને અહિંઆંના અસલના ધર્મ મુજબ ઇસ્ટેટનો (વડાની મીલકતનો) વારસો મેળવાનો હકપણ છોડવો જોઇએ માટે ભાઇઓ છેવટ મારે એટલુંજ કહેવાનું છે કે આપણે આપણા કુળના ધર્મના વિવેક પ્રમાણે વર્તવું જોઇએ. અત્રેમારે સ્પષ્ટ જણાવવાની જરૂર છે કે આ લેખ લખતાં જે કોઇ વ્યકિતઓ સંબંધી ટીકા થયેલી છે તે વ્યકિતઓ તરફ મને અંગતરીતે સંપૂર્ણ માન અને પ્રેમછે. એવી ટીકાઓ કરવામાં તેઓની ઉપર કટાક્ષ અગર આક્ષેપ કરવાની મારી વૃત્તિ બીલકુલજ નથી. અને સ્પષ્ટ વચન કહેતાં તેઓની લાગણી દુખાતી હોય તો તે માટે હું દીલગીર છું. એટલું કહિને હું આ લેખ પુરો કરૂછું.

ગ્રંથકર્તા.